PRESS RELEASE

પ્રેસ રિલીઝ ડિવીઝન, સેન્ટ્રલ ઓફિસ, પોસ્ટ બોકસ નં. 406, મુંબઇ 400001
ફોન : 2266 0502 ફેકસ : 2266 0358, 2270 3279

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા

www.rbi.org.in
www.rbi.org.in\hindi
e-mail: helpprd@rbi.org.in

6 માર્ચ, 2006

**વ્યકિતગતો માટે હવે ફોરેકસ મેળવવું અત્યંત સરળ :**
**વધુ એન્ટીટીસન, નોન ટ્રેડ કરન્ટ એકાઉન્ટ ટ્રન્સેકશન્સ હાથ ધરશે.**

આજ રોજ આરબીઆઇ એ વ્યકિતગતો સરળતાથી ફોરેન એકસચેન્જ મેળલી શકે તે માટે પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે.

આ પરિપત્ર હેઠળ ચૂનંદા એફએફએમસી અર્બન કો.ઓપ.બેંકો તથા આરબીઆઇ ફોરેન એકસચેન્જનાં રેમિટન્સ માટે નોન ટ્રેડ કરન્ટ એકાઉન્ટ ટ્રાન્સેકશન્સ હાથ થરી શકશે.

ફોરેન એકસેન્જને લગતી, વધતી છૂટછાટો નેકારણે હવે વ્યકિતગતો આરબીઆઇ ના સંપર્ક વગર પણ વિવિધ નોનટ્રેડ કરન્ટ એકાઉન્ટ ટ્રાન્જેકશન હાથ ધરી શકશે.

વ્યકિતગતો હવે ટુરિઝમ, દાકતરી સારવાર, વિદેશ અભ્યાસ તથા અન્ય વિવિધ નોનટ્રેડ કરંન્ટ એકાઉન્ટ ટ્રાનસેકશન્સ આસાનીથી કરી શકશે. આ હેતુ માટે, હાલ જરૂરી ફોરેન એકસચેન્જ ઓથોરાઇઝર ડીલર પાસેથીજ મેળવી શકાય છે. પરંતુ હવે આરબીઆઇ એ એફએફએમસી ચુનંદા અર્બન કો.ઓપ. બેંકો તથા આરબીઆઇ ને ફોરેન એકસચેન્જ પૂરૂં પાડવાની મંજૂરી આપતાં (આ હેતુ માટે) વ્યકિતગતો હવે ખૂબજ સરળતાથી ફોરેન એકસચેન્જ મેળવી શકશે.

કેટેગરી II અધિકૃત ડીલર્સ, કહેવાતાં આ સંસ્થાના વિવિધ ઉપયોગો જેવાંકે વ્યકિતગત પ્રવાસ, ધંધાકીય પ્રવાસ, આંતરરાષ્ટ્રીય કોન્ફરસંસમાં ભાગ લેવા માટેની ફી, ખાસ તાલીમ માટેની ફી, આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ તથા પ્રદર્શનો વગેરેમાં ભાગ લેવા, ફિલ્મોના શૂટિંગ, વિદેશી-દાકતરી સારવાર, વિદેશી અભ્યાસ, વિદેશી યુનિવર્સિટી સાથેનાં અભ્યાસલક્ષી જોડાણો, ભારતમાં લેવાતી પરીક્ષાઓ માટેની ફી, વિદેશોમાં પણ લેવાતી પરીક્ષાઓની ફી, જીઆરઈ, ટોફેલ વગેરેની વધારાની સ્કોલરશીપ, રોજગાર લક્ષી વિદેશી નોકરીઓની અરજીઓ, ઇમીગ્રેશન સલાહ-સૂચન માટેની ફી, સ્કીલ એસેસમેન્ટ ફી, વિસા માટેની ફી, રજિસ્ટ્રેશન / લવાજમ / મેમ્બરશી ફી વિગેરે માટે ફોરેન એકસચેન્જ ફાળવી શકશે.

આરબીઆઇ તથા ગ્રાહકોનાં વચ્ચે રહેલ અધિકૃત લાયસન્સ વાળા માણસો દ્વારા, બહેતર ગ્રાહકસેવા માટે ફોરેન એકસચેન્જ સહેલાઇથી જાહેર જનતાને ઉપલબ્ધ થાય, તે આરબીઆઇ નો હેતુ છે.

અહીં જણાવવું યોગ્ય છે કે, અધિકૃત માણસોનાં કાર્યને વધુ સરળ તથા બહોળો બનાવવા, તેમજ વધુ સારી ગ્રાહકસેવા માટે આરબીઆઇ દ્વારા આ મુદ્દે એક આંતરરિક ગ્રુપનું ગઠન કરવામાં આવ્યું હતું. આ ગ્રુપનું મુખ્ય કાર્ય ઉપરોકત બાબતનાં વિવિધ પાસાઓને ચકાસી, સૂરક્ષિત તેમજ સરળ કાર્યપધ્ધતિની ભલામણ તેમજ અભ્યાસ કરવાનું હતું આ ગ્રુપનો રિપોર્ટ આરબીઆઇ ની વેબસાઇટ (http://www.rbi.org.in). ઉપર મંતવ્યો માટે રાખવામાં આવ્યો હતો.

આજે જાહેર પરિપત્ર, આ આંતરિક ગ્રુપની ભલામણો તથા તેનાં ઉપરનાં મંતવ્યોને આધારિત છે.

**અલ્પના કિલ્લાવાલા**
મુખ્ય મહા પ્રબંધક

પ્રેસ રિલીઝ : 2005-2006/1124